આપનું સપ્તાહ કેવું જશે? તા.૦૯/૧૨/૨૦૨૪ થી તા.૧૫/૧૨/૨૦૨૪ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ: (અ,લ,ઈ): ચાલુ વીકમાં હરીફાઈનો સામનો કરવાનું થાય. સ્વાર્થી અને ઈર્ષાળુ મિત્રોથી સાવધાન રહેવું. શેરબજારમાં પ્લાનિંગપૂર્વક કામ કરવું. ટીમ વર્કમાં સહકાર ઓછો મળવાનો અનુભવ થાય. વિદેશનાં કામ અને પ્રવાસને લગતાં કામમાં સફળતા મળે. જાહેર જીવનમાં સાવધાની રાખવી. નોકરિયાતને નવી જવાબદારી મળે. નવા કામની તક મળે. પારિવારિક પ્રશ્નો હલ થાય. ઉઘરાણી આવવાથી આર્થિક બાબતે ચોક્કસ નિર્ણય લેવાય.



વૃષભ (બ,વ,ઉ): સપ્તાહમાં કાર્યક્ષેત્રે અનુકૂળતા રહે. કાર્યદક્ષતા અને વ્યવહાર કુશળતા નોકરીમાં નવી જવાબદારી કે પ્રમોશન સુધી લઈ જાય. આર્થિક પ્રગતિ માટેના પ્રયત્નોમાં વફાદાર મિત્રો, જીવનસાથી અને સંતાન મદદરૂપ બનશે. વિદ્યાર્થીઓની અશાંતિ વધશે. શેર બજારમાં ધીરજ રાખવી. વિદેશ પ્રવાસ ધાર્મિક સાહિત્ય, સમાજસેવા તથા હોસ્પિટલને લગતાં કામ થાય. ઉંમરલાયકના વિવાહની વાત ચાલે.



મિથુન (ક,છ,ઘ): ચાલુ વીકમાં વડીલોના આશીર્વાદથી સામાજિક અને કૌટુંબિક કામ થાય. તેમજ વ્યક્તિગત કાર્યોમાં અચાનક મદદ મળે. પિતા સાથે ઘર્ષણ થાય. ઉપરી વર્ગ સાથે તાલમેળ ઓછો રહે. કામનો બોજ વધશે. સ્વતંત્ર ધંધામાં નવી યોજના પાર પડે. આવક વધે. પ્રેમમાં અનુકૂળતા રહે. વિદ્યાર્થીઓને મદદ મળે. પરીક્ષામાં હકારાત્મક પ્રગતિ થાય. નોકરી ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહેશે.

કર્ક (ડ,હ): સપ્તાહ દરમિયાન જીવનમાં હકારાત્મકતાનો અનુભવ થાય. સહન સહનમાં બદલાવ આવે. આરોગ્યના પ્રશ્નો હલ થાય. અચાનક ઉઘરાણી આવે તથા સરકારી નોકરીમાં પ્રગતિ થાય. કોર્ટ કચેરીમાં મદદ મળે. વિદેશનાં કામ પાર પડશે. ઉચ્ચ શિક્ષણ માટે વિદેશમાં મદદ મળે. જાહેર જીવનમાં યશ મળે. નોકરીમાં પ્રગતિ કે પગારવધારો થાય. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં તક મળે.

સિંહ (મ,ટ): સપ્તાહ દરમિયાન સંતાનો તરફથી સંતોષજનક સમાચાર મળે. કૌટુંબિક કામમાં મદદ મળે. કોર્ટ, કચેરીમાં મદદ મળે. વીમા એજન્સી, વીલ, વારસાના કામમાં વિઘ્નો આવે. આરોગ્યના ખર્ચા વધશે. નવી નોકરીની ઈચ્છા પૂર્ણ થાય. વિદેશ બાબતે કાયદાકીય મદદથી લાભ થાય. ઈન્ટરવ્યુ કે પરીક્ષામાં સફળતા મળે. જીવનસાથી, વડીલો અને ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદ સમાજમાં યશ વધશે.



કન્યા (પ,ઠ,ણ): ચાલુ વીકમાં નોકરીમાં હરીફો અને ઈર્ષાળુઓથી નુકસાન થઈ શકે છે. માટે પોતાની બુદ્ધિ અને કુશળતાનો ઉપયોગ કરતાં રહેવું. થાક અને આળસથી બચવા હકારાત્મકતાથી ઊર્જાવાન રહેવું. અચાનક કોઈ નવી તક મળી શકે છે. સમાજ અને કુટુંબજીવન માટે પ્રતિકૂળતા રહે. પણ નવી આવકના રસ્તા મળે. કોર્ટ, કચેરીમાં મદદ મળે. વડીલોની મદદ વારસા કે મિલકતમાં મળે. વિદેશનાં કામ પાર પડશે.

તુલા (ર,ત): સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓને ભણતર અને ઈતર પ્રવૃત્તિમાં સંતુલન રાખવું મુશ્કેલ રહેશે. જો કે સખત મહેનતનું હકારાત્મક પરિણામ મળે. નોકરીમાં જવાબદારી વધે. વિજાતિય પાત્રોથી સાવધાન રહેવું. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. કોર્ટ, કચેરીનાં કામ થાય. કુટુંબમાં શુભ પ્રસંગનું આયોજન થાય. ઘરનાં નાનાં સભ્યોની અપેક્ષાઓ વધશે. અચાનક શુભ સમાચાર અને આર્થિક લાભ થાય.

વૃશ્ચિક (ન,ય): સપ્તાહ દરમિયાન લાગણીઓના પ્રવાહમાં ખેંચાવાનું પરિણામ માનસિક ત્રાસ વધારશે. ધીરજ અને સમતુલન રાખવું. વડીલો સાથે ઘર્ષણ થાય. પ્રેમમાં ગેરસમજ થાય. અભ્યાસમાં બોજ વધે. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં લાલચથી દૂર રહેવું. મિત્રો અને પરિવારની મદદથી સામાજિક તથા નોકરીને લગતાં કામ થાય. નવી નોકરી મળી શકે છે અને ઉંમરલાયકને યોગ્ય પાત્ર.

ધન (ભ,ધ,ફ,ઢ): સપ્તાહ દરમિયાન અડોશ-પડોશને મદદરૂપ બનશો. ભાઈ-બહેનો સાથે લાગણી પર કાબૂ રાખવો. વ્યવહારકુશળતાનો લાભ મળશે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં સભાનતા રાખવી. નવાં ઘર, વાહન, મકાન બાબતે વડીલોનો સાથ મળે. વારસાનાં વિઘ્નો આવે. પ્રેમમાં અનુકૂળતા રહે. નવી ટેકનોલોજીનો લાભ વિદ્યાર્થીઓને મળે. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

મકર (ખ,જ): સપ્તાહમાં પોતાનો ટાર્ગેટ પૂર્ણ કરવાની જવાબદારીની ચિંતા સતાવે. કુટુંબની મદદથી રાહત થાય. બૌદ્ધિક કામમાં યશ મળે. ઉઘરાણીની ચિંતા સતાવે. નવા નોકરી-ધંધા માટે કોઈને મળવાનું બને. પણ વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. નવી સમસ્યાઓનો સામનો કરવાની નવી દિશા મળશે. સંતાનોની ચિંતા વધશે. વિદ્યાર્થીઓની મહેનત ઓછી પડે. મિત્રો સાથે વિવાદ થાય.

કુંભ (ગ,સ,શ,ષ): સપ્તાહ દરમિયાન નોકરીમાં હરીફાઈ કે ટાર્ગેટ બાબતે અનુકૂળતા રહેશે. પરીક્ષાર્થીઓને હકારાત્મક વાતાવરણ મળે. મન અતિ ચંચળ રહેવાથી તક સરકી જઈ શકે છે. કુટુંબ-મિત્રો-વગેરે સાથે કામ કરવાનો લાભ મળશે. નવા નોકરી-ધંધા માટે પ્લાનિંગ હકારાત્મક રહે. આધુનિક ટેકનોલોજીને લગતા કામમાં સફળતા મળે. આત્મવિશ્વાસ પર કાબૂ રાખવો. ઉત્સાહમાં ભૂલ થઈ શકે છે. નોકરીમાં પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ): ચાલુ વીકમાં ઉચ્ચ કક્ષાનાં લોકોને મળવાનું થાય. પ્રવાસમાં સાવધાન રહેવું. નવી ટેકનીક શીખવાનો અને સમૂહમાં કામ કરવાની પદ્ધતિનો અનુભવ મળે. જાહેર જીવનમાં અશાંતિ પણ કૌટુંબિક કામ પાર પડશે. દાંપત્ય જીવનમાં તાલમેળ રહે. ઉંમરલાયકના વિવાહ થઈ શકે છે. વાહન ચલાવવામાં સાવધાની રાખવી. આર્થિક બાબતે બચતની યોજના બને. આગળ કરેલા રોકાણનો લાભ મળે. સાહસિક નિર્ણય લેવાનું થાય.

ખ્યાતિ હોસ્પટલમાં છેલ્લા ત્રણ વર્ષમાં સારવાર લીધા બાદ 112 દર્દીઓના મોત, PMJAYના બહાને કાળો કારોબાર

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલસના સંચાલકોની ધરપકડના ભણકારા વાગી રહયા છે , ત્યારે હવે ખ્યાતિ હોસ્પિટલ સામે ચાલી રહેલી અમદાવાદ સીટી ક્રાઈમ બ્રાન્ચની તપાસ દરમ્યાન કાળા કારોબારની વિગતો બહાર આવી છે. ખાસ કરીને PM નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી PMJAY યોજના હેઠળ કાળો કારોબાર ચાલી રહયો હોવાની વિગતોના ખુલાસા થયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં 112 લોકોને ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર બાદ મોત મળ્યું છે. જયારે PMJAY યોજનાના નામે સરાકર પાસેથી કરોડો ખંખેરી લઈને મુખ્ય સંચાલક કાર્તિક પટેલ વિદેશ નાસી છૂટયો છે. તેને ઝડપી લેવા માટે યુદ્ધના ધોરણે ચક્રો ગતિમાન કરાયા છે.ખ્યાતિ હોસ્પિટલના ડો.સંજય પટોડિયાની પુછપરછના આધારે મોટા ખુલાસા થયા છે. છેલ્લા ત્રણ વર્ષના ખ્યાતિ હોસ્પિટલમાં 8534 દર્દીઓ સારવાર માટે આવ્યા છે. જેમાંથી 3842 દર્દીઓએ સરકારી યોજના હેઠળ સારવાર કરાવી છે. જેમાં અત્યાર સુધીનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આટલા દર્દીઓની સારવાર દરમિયાન હોસ્પિટલ્સમાં 112 દર્દીઓના મોત નીપજયા છે.ખ્યાતિ હોસ્પિટલના સ્ટાફે PMJAY યોજનાનો દુરુપયોગ કરીને માત્ર નાણા કમાવવાનો ધંધો કરી લીધો હતો.ઉલ્લેખનીય છે કે કડીના બોરીસણા ગામના બે દર્દીઓના એન્જિયોપ્લાસ્ટીની સર્જરી દરમિયાન મોત થયા હતા. ત્યારબાદ ખ્યાતિ હોસ્પિટલના તબીબો, CEO અને ડિરેક્ટરો વિરુદ્ધ દાખલ થયેલા ગુનાની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપાઈ હતી. ક્રાઈમ બ્રાંચે આ કેસની તપાસ દરમિયાન ખ્યાતિ હોસ્પિટલમાંથી મળી આવેલા PMJAY હેઠળ થયેલા ઓપરેશનના દસ્તાવેજો, ગાંધીનગરમાં આરોગ્ય વિભાગ પાસેથી દસ્તાવેજી પુરાવા એકત્ર કર્યા છે, તેમાં આ ખુલાસો થયો છે.

બોગસ તબીબોનો રાફડો ફાટયો , આરોગ્ય વિભાગ કેમ પગલા ભરતું નથી ?

અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ વર્ષની અંદર સારવાર લીધા બાદ હવે 112 લોકોનું મોત નીપજયું હોવાની વિગતો બહાર આવી છે, તો બીજી તરફ સુરતમાંથી નકલી તબીબ દ્વારા 70થી 80 હજારમાં 1200 લોકોને નકલી તબીબી ડિગ્રી અપાઈ હોવાનું પણ કૌભાંડ બહાર આવ્યું છે. સુરતની પોલીસે રસેશ ગુજરાતી સહિત 13 લોકોની ધરપકડ કરી છે. વર્ષ 2002થી રસેશ ગુજરાતી દ્વારા આ કૌભંડ ચલાવવામાં આવતું હતું. આ ગેંગ દ્વારા 1200 લોકોનું 70થી 80 હજાર લઈને તબીબ તરીકેનું રજીસ્ટ્રેશન કરાવી દેવામાં આવ્યું છે. આરોપીઓ દ્વારા રજીસ્ટ્રેશન ફી તેમજ રીન્યુઅલ ફી ઉઘરાવવામાં આવતી હતી. આ ગેંગ દ્વારા નકલી તબીબોને એવી બાંહેધરી અપાતી હતી કે તમે એલોપેથી,આયુર્વેદીક, હોમીયોપેથીની દવા પણ આપી શકશો.દેશમાં મોડલ સ્ટેટ કહેવાતા ગુજરાતમાં નકલીના કાળા કારોબારે માઝા મુકી દીધી છે. હવે સુરતમાંથી નકલી ડોક્ટર્સનો રાફડો મળી આવ્યો છે.ભાજપે આક્ષેપ કર્યો છે કે આ નકલી ડોક્ટરના કૌભાંડમાં મુખ્ય સૂત્રધારના તાર કોંગ્રેસ સાથે જોડાયેલા છે. ઝોલા છાપ ડોક્ટર્સ કોઈને દવા આપે અને દર્દીને કંઈ થાય તો જવાબદારી કોની? દવા આપનાર ડોક્ટર્સની સાથે આરોગ્ય વિભાગની પણ જવાબદારી છે કારણ કે આવા નકલી ડોક્ટર્સને રોકવાનું કામ આરોગ્ય વિભાગનું છે. સરકારના આરોગ્ય વિભાગમાં જ પોલંપોલ ચાલી રહી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આવા નકલી તબીબો સામે પગલા ભરવામાં કેમ પાછા પડી રહયા છે? આરોગ્ય વિભાગમાં જ ચાલી રહેલી પોલંપોલ સામે પગલા ભરવા જરૂરી છે.

ખરેખર સાચી EDને પણ શરમાવે તેવી નકલી EDની ટીમ કચ્છમાંથી ઝડપાઈ , કરોડોનો તોડ કરવાની ફિરાકમાં હતી

ગુજરાતમાં નકલીની બોલબાલા વધી જવા પામી છે. નકલી PMO અધિકારી બાદ હવે કચ્છમાંથી 12 માફિયાઓની નકલી એન્ફોર્સમેન્ટ અધિકારીઓની (ED)ની ટીમ ઝડપાઈ છે. પોલીસે



12 આરોપીઓને ઝડપી લઈને રીતસરના ખંખેરી નાંખ્યા છે. રિયલ EDની ટીમ પણ ના કરી શકે તેવી દરોડાની કાર્યવાહી આ નકલી EDની ટીમે કરી હતી જેના વીડિયો ક્લીપીંગ સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે. જેમાં એક બ્લેક સ્યૂટમાં નકલી ED અધિકારી કચ્છમાં ગાંધીધામમાં એક જવેલર્સના પરિવારને ધમકાવી રહયો હોય તેવું દેખાઈ રહયું છે. પોલીસે નકલી ED અધિકારીઓની ગેંગના 12 લોકોને મેથીપાક આપીને વરઘોડો કાઢયો હતો. આ નકલી ED અધિકારીઓની ગેંગના સાગરિતો પાસેથી 45 લાખની કેશ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અમદાવાદના રહેવાસી શૈલેન્દ્ર દેસાઈ EDની નકલી ટીમનો મુખ્ય સૂત્રધાર નીકળ્યો છે. શૈલેન્દ્ર દેસાઈએ ગૂગલ પરથી તમિલનાડુમાં 20 લાખના લાંચના કેસમાં ઝડપાઈ ચૂકેલ ED અધિકારી અંકિત તિવારી નામનું ID કાર્ડ ડાઉનલોડ કર્યું હતું. બાદમાં તેમાં ફોટો સાથે પોતાનો ફોટો બદલીને સમગ્ર કાવતરામાં માસ્ટર માઈન્ડ તરીકે ભાગ ભજવ્યો હતો.

કૌભાંડોમાં પગલા ભરવા શકિત્તસિંહ ગોહિલે સરકાર પર કેમ દબાણ વધાર્યુ ?

સાબરકાંઠાના 6000 કરોડના એકના ડબલ કરી દેવાના

કૌભાંડમાં નાસતા ફરતા BZ ગ્રુપનો મુખ્ય સૂત્રધાર એવા ભૂપેન્દ્રસિંહ ઝાલા અને ખ્યાતિ હોસ્પિટલના સંચાલક કાર્તિક પટેલ સામે પગલા ભરાય તે માટે હવે ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ શકિત્તસિંહ ગોહિલે સંસદમાં આ બન્ને મુદ્દાઓ ઉપસ્થિત કરીને CBIની તપાસની માંગણી કરી છે. ખાસ કરીને BZ ગ્રુપ સાથે સંકળાયેલા કેટલાંક એજન્ટો દ્વારા વોટસ એપ મેસેજ ફરતા કરવામાં આવ્યા હતા કે તમે ચિન્તા ના કરશો , તમારા રૂપિયા સલામત છ,મીડિયા સમક્ષ જઈને ફરિયાદ ના કરશો. આવા મેસેજના પગલે CM ભૂપેન્દ્ર દાદાની સરાકર પર માનસિક દબાણ વધારવા શકિત્તસિંહ ગોહિલે આ બન્ને મુદ્દાઓ સંસદમાં ઉઠાવ્યા હતા. ગોહિલે આ સમગ્ર મામલે CBIની તપાસની માંગ કરી હતી.

83 વર્ષે ફરીથી શંકરસિંહ વાઘેલા ચૂંટણીની રાજનીતિમાં સક્રિય થયા

પૂર્વ CM શંકરસિંહ વાઘેલાએ હવે 'પ્રજા શક્તિ ડેમોક્રેટિક' પાર્ટીની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. શંકરસિંહ બાપુની પાર્ટી હવે ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઝંપલાવે તેવી તૈયારીઓ ચાલી રહી છે. વાઘેલાએ કહયું હતું કે ગુજરાતમાં ત્રીજો પક્ષ ચાલતો નથી, તે માત્ર માન્યતા છે. મેં ભાજપ ત્યારે છોડી જયારે તેનો સૂર્ય મધ્યાહને હતો. કોંગ્રેસ છોડી ત્યારે પણ સરકાર બનવાની શક્યાતાઓ હતી. દિલ્લીમાં 15 વર્ષ કોંગ્રેસનું શાસન હતું છતા કેજરીવાલનો ઉદય થયો હતો. ગુજરાતમાં ભાજપની બી ટીમ સી ટીમની વાતો કાલ્પનિક વાત છે. આજ કાલ તો, જે ગુંડા હોય, દુષ્કર્મી હોય, બદમાશ હોય , પોઝી સ્કીમ વાળા હોય ભાજપનો ખેસ પહેરો અને પવિત્ર થઈ જાવ, અસમાજિક તત્વોને સરકારનું પ્રોટેક્શન મળી રહ્યું છે. લોકો મરે તેનો અવાજ કોણ ઉઠાવશે તેનો અવાજ અમે ઉઠાવીશું. આવનારી ચૂંટણીઓમાં પરિવર્તન આવશે.

વિકાસના ભોગે વિનાશ નહીં, કચ્છમાં 20 ગામના ખેડૂતોએ મેગા પ્રોજેક્ટનો વિરોધ શા માટે કર્યો?

કચ્છમાં હવે 20 ગામના ખેડૂતોએ એક મેગા પ્રોજેક્ટનો વિરોધ કર્યો છે. ખેડૂતોની સાથે વિદેશી પ્રવાસીઓએ પણ તેનો વિરોધ કર્યો હતો. ગુજરાત હેવી કેમિકલ લિમિટેડ કંપની માંડવી તાલુકાના બાડા ગામ ખાતે પોતાનો પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. તેણે બાડા ગામની 70 ટકાથી વધુ જમીન સંપાદિત કરી લીધી છે. સરકારી નિયમો મુજબ આ કંપની માટે 2 વખત 'લોક સુનાવણી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક સુનાવણીમાં ગામના લોકોએ ભારે વિરોધ કર્યો હતો. પરિણામે સબ કલેક્ટરે આ સુનાવણી રદ કરી હતી. એક વખતની લોક સુનાવણીમાં ગ્રામજનોનો ભારે આક્રોશ જોઈને વહીવટી તંત્રએ માત્ર 15 મિનિટની અંદર સુનાવણી પડતી મૂકી હતી. માંડવી તાલુકાના બાડા ગામે ગુજરાત હેવી કેમિકલ લિમિટેડ (GHCL) દ્વારા કચ્છમાં પહેલો સોડા એશનો પ્લાન્ટ સ્થાપવામાં આવશે જે માંડવી તાલુકાના બાડા ગામના દરિયા કિનારા નજીક 1340 એકરમાં GHCLના સોડા એશ પ્લાન્ટ સાથે સોડિયમ બાયકાર્બોનેટ (ખાવાનો સોડા) અને કોલસા આધારિત 120 મેગાવોટનો કેપ્ટિવ પાવર પ્લાન્ટ સાથેનો કેમિકલ કોમ્પ્લેક્સ અસ્તિત્વમાં આવશે. કંપનીએ 2017માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં 3500 કરોડના મૂડીરોકાણ સાથેનો કેમિકલ પ્લાન્ટ શરૂ કરવા ગુજરાત સરકાર સાથે MoU કર્યા હતા. આ કંપની સોડા એશ અને બેકીંગ સોડાનું ઉત્પાદન કરશે અને કંપનીએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં રજૂ કરેલા Environment Impact Assesementમાં જણાવ્યું છે કે અહીં તે વાર્ષિક 11 લાખ ટન સોડા એશ, વાર્ષિક 5 લાખ ટન ડેન્સ સોડા એશ અને વાર્ષિક 2 લાખ ટન બેકીંગ સોડાનું ઉત્પાદન કરશે.માંડવી તાલુકાના બાડા ગામે બહોળી સંખ્યામાં ઉપસ્થિત લોકસમૂહ વચ્ચે ગ્રામસભામાં ઠરાવ કરવામાં આવ્યો છે કે, ખાનગી કંપનીને પ્રોજેક્ટ આપવાથી આ વિસ્તારના લોકોનું જીવન અને જીવાદોરી સમાન ખેતી અને પશુપાલન વ્યવસાય ગુમાવવાનો વારો આવે, આ સાથે અહીંના લોકો માલિક મટીને ગુલામ બની જાય, લોકોનું આરોગ્ય જોખમાય, પર્યાવરણનું અસ્તિત્વ સમાપ્ત થાય અને અસામાજિક તત્ત્વોનો ત્રાસ વધે તેવા કારણોસર આ પ્રોજેક્ટનો વિરોધ કરાયો હતો.

સમસ્યા અને સમાધાન

પ્રથમ એ ચોખવટ કરી લઉં કે અમારા કુટુંબ કે પરિવારમાં જ્યોતિષમાં કોઈ જ માનતું નથી. પેપરમાં તમારા આર્ટિકલ વાંચીને પ્રથમ મારી સમસ્યાને લઈને જ્યોતિષ બાબતે જાણવા માંગું છું અને પ્રથમ વખત જ મારી જન્મની વિગત જ્યોતિષને જણાવું છું. જ.તા. 13-03-1977, સમય બપોરે 01:41, સ્થળ:-? હું એક સાધનસંપન્ન કુટુંબનો એક માત્ર વારસદાર છું. પણ જન્મથી જ નાજુક આરોગ્ય રહે છે. હંમેશા કોઈ ને કોઈ શારીરિક અને માનસિક સમસ્યાથી પીડાતો રહું છું અને સૌથી મોટી કમનસીબી એ છે કે મોટા ભાગે મને વારંવાર અકસ્માત થાય છે છતાં પણ હું સહી સલામત બચી જાઉં છું પણ શરીરમાં અનેક ઓપરેશન થયાં છે. હાડકાં અનેક વાર એકની એક જગ્યાએથી તૂટે છે તો આનું શું કારણ અને તેનો કોઈ ઉપાય બતાવશોજી. મારો મુખ્ય સવાલ એ છે કે હું મારાં માતા-પિતાનું એકમાત્ર સંતાન કેમ? જો મારે બીજા ભાઈ-બહેન હોત તો મારાં માતાપિતાની સેવા કરનાર કોઈક તો હોત, મારાં માતા પિતા મને લઈને દુઃખી છે અને હું તેમની સ્થિતિને લઈને કાયમ ચિંતામાં રહું છું. બીજાં ભાઈ બહેન હોત તો મને કંઈ થાય તો તેમની સંભાળ લેનાર કોઈ હોત પણ તે નથી તો તેનું શું કારણ? મને પણ ફક્ત એક જ પુત્રી છે. તે પછી અનેક પ્રયત્નો છતાં સંતાન થયાં નહીં અને મારી પુત્રીને લગ્ન કર્યાને ત્રણ વર્ષથી વધારે થયાં પણ સંતાન થતાં નથી. આવા અનેક પ્રશ્નોને લઈને મારાં માતા-પિતા ખૂબ જ ચિંતિત રહે છે. મારા પ્રશ્નોનો યોગ્ય ઉપાય સાથે જવાબ આપવા વિનંતી. મનનું સમાધાન કરશોજી.

જવાબ: જ્યોતિષની સાદી અને સરળ ભાષામાં તમો મૂળ નક્ષત્રના ચોથા ચરણમાં જન્મ્યા છો માટે પૂર્વના ચોક્કસ શુભ અને અશુભ કર્મફળ ભોગવવા માતા-પિતાના લેણદાર તરીકે જન્મ્યા છો એ વાતમાં કોઈ જ શંકા નથી. માટે સૌ પ્રથમ તો મૂળની શાંતિ કરાવો. જો જ્યોતિષશાસ્ત્ર કે આપણા હિન્દુ શાસ્ત્રમાં વિશ્વાસ રાખતા હોત તો તમારા જન્મ સમયે તમારાં માતા-પિતાને ચોક્કસ મૂળની શાંતિ કરાવવાની સલાહ મળત. પણ અમુક પ્રકારનાં જાતકો કે પરિવાર પૂર્વનાં શુભ કર્મોને લઈને ભૌતિક રીતે સુખી હોય છે માટે તેઓ કર્મોને વશ થઈને પોતાની સંસ્કૃતિની પરંપરાને નજરઅંદાજ કરે છે અને જ્યારે પૂર્વનાં પુણ્યકર્મો ઓછાં થતાં મુસીબતો આવવા માંડે છે ત્યાં સુધી મોડું થઈ ગયું હોય છે. તમારા કેસમાં આવું જ થયું માટે તમારા જન્મ સમયે જ તમારા કુટુંબને સંકેત મળી ગયો હતો! તમારું મિથુન લગ્ન સાડા ઓગણીસનું વર્ગોત્તમી છતાં નિર્બળ છે અને લગ્નેશ પણ મૃત અવસ્થામાં અસ્તનો ભાગ્યમાં સૂર્ય-મંગળ સાથે નિર્બળ છે માટે એક છથી સાત કેરેટનો બુધનો નંગ પહેરો. પ્રથમ સ્થાન અને તેનો માલિક એટલે આપણું શરીર. તે જ નિર્બળ અને મૃત અવસ્થામાં છે માટે તમારું આરોગ્ય સારું રહેતું નથી. તમારી કુંડલીમાં કર્ક રાશિ અને આશ્લેષા નક્ષત્રમાં શનિ કુટુંબ સ્થાનમાં, પાંચમે રાહુ અને સામે કેતુ શુક્રના કારણે તમારે સંતાનમાં લેણવાર પુત્રીનો જન્મ થયો અને પછી સંતાન નથી. આ રાહુ-કેતુ- શુક્ર ચલિતમાં ચોથે અને સામે દસમે કેતુ શુક્ર આ કેતુ- શુક્ર રાહુ કુળદેવતાનો દોષ બતાવે છે. દસમે કેતુ પિતા માટે અશુભ માનવામાં આવે છે. શનિની દૃષ્ટિ રાહુ પર શાપિત દોષ છે તેના ઉપાય કરો. ગુરુ બારમે પણ ચલિતમાં અગિયારમે છે. ચંદ્ર ધનમાં પણ ચલિતમાં છઠ્ઠે અને મંગળ પણ ચલિતમાં આઠમે શનિ સામે આ મૂળનો ચલિત ચંદ્ર આરોગ્ય માટે સારો નથી અને આઠમે મંગળ શનિની દૃષ્ટિમાં હોવાથી વારંવાર અકસ્માતના ભોગ બનવું પડે છે. પણ શનિના કારણે બચાવ થાય છે. હવે તમારા મૂળ પ્રશ્ન પ્રમાણે તમો એકમાત્ર સંતાન કેમ? ત્રીજું અને અગિયારમું સ્થાન અને તેના માલિકની સ્થિતિ જાતકના ભાઈ-બહેનના સુખનું નિર્દેશન કરે છે અને નાના ભાઈ-બહેન માટે મંગળ અને મોટા માટે ગુરુ કારક આમ આ તમામની સ્થિતિ જોતાં તમારા ભાગ્યમાં નાના-કે મોટાં ભાઈ બહેનનું સુખ નથી. તમો તમારાં માતા-પિતાના લેણદાર છો અને તેમને દુઃખી કરવા માટે કર્માનુસાર પેદા થયા છો. નાના-મોટા ભાઈ બહેનના સુખ માટે લગ્ન, નવમાંશ, ચલિત, ચંદ્રરાશિ અને ગુલિક કે માંદી-મુંથાની સ્થિતિ ખાસ જોવામાં આવે છે. તમારા જન્મ સમય મુંથા ત્રીજે સિંહ રાશિમાં છે તે બતાવે છે કે તમારા ભાગ્યમાં ભાઈ બહેનનું સુખ નથી.

ત્રીજા સ્થાન પર સૂર્યની સ્વદૃષ્ટિ પણ જે તે જીવંત સુખથી વંચિત રાખનાર બને છે. ઉપરાંત મંગળની પણ ત્રીજે મૂળ અને ચલિત કુંડલી પ્રમાણે દૃષ્ટિ તેમજ અગિયારમા સ્થાનમાં કેતુ-શુક્ર-મંગળની દૃષ્ટિમાં અને અગિયારમાનો માલિક મંગળ ચલિતમાં શનિની દૃષ્ટિમાં મોટા ભાઈનો કારક ગુરુ બારમે અને ચલિતમાં અગિયારમે ફક્ત બે અંશનો મંગળની ત્યાં સ્વગ્રહી દૃષ્ટિના કારણે મોટા ભાઈ બહેનનું પણ સુખ નથી. કોઈ પણ પાપ ગ્રહ જ્યારે પોતાના જ ઘરને સ્વદૃષ્ટિથી જોતો હોય છે ત્યારે જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે જે તે ભાવનું જીવંત સુખ હણી લે છે. તમારે ત્રીજે સૂર્યની સ્વદૃષ્ટિ અને અગિયારમે ચલિત મંગળની સ્વદૃષ્ટિના કારણે જીવંત નાનાં ભાઈ બહેનનું સુખ તમારા ભાગ્યમાં નથી.

ચંદ્ર રાશિ ધન પ્રમાણે ત્રીજે કુંભમાં સૂર્ય-બુધ-મંગ ળ અને તેનો માલિક શનિ આઠમે તથા અગિયારમે રાહુ-હર્ષલ અને તેનો માલિક શુક્ર કેતુ સાથે પાંચમે અને જે ભાઈ-બહેનના સુખનું નિર્દેશન કરતી કુંડલી એટલે દ્રેષ્કોણમાં કુંભ લગ્નમાં મંગળ ભાગ્યમાં રહેલ સૂર્ય-બુધ-રાહુની દૃષ્ટિમાં અને ત્રીજા સ્થાનમાં મેષના ચંદ્ર-શુક્ર-કેતુ ગુરુથી બારમે અશુભ શકટ નામનો યોગ કરે છે. દ્રેષ્કોણમાં અગિયારનો માલિક ગુરુ પોતાના સ્થાનથી છઠ્ઠે મંગળ શનિની દૃષ્ટિમાં અને અહીં શનિ-મંગળનો પરિવર્તન યોગ થાય છે. આમ મંગળ-ગુરુ ભાઈ બહેનના કારક પીડિત અને અશુભ થાય છે. મૂળ કુંડલીમાં પણ ગુરુથી ચંદ્ર છઠ્ઠે અશુભ-શકટ યોગ કરે છે અને મોદીનો સંબંધ ત્રીજા સ્થાન સાથે સાફ બતાવે છે કે તમારા ભાગ્યમાં ભાઈ-બહેનનું સુખ નથી અને આ જ પ્રશ્ન તમારાં માતા-પિતા સહિત સૌના માટે સજા સમાન છે.

ઓપન ઇન્ટરવ્યુ

ડાંગ યુવક સેવા સમિતી આહવા- ડાંગ સંચાલીત નિચે મુજબના છાત્રાલયોમાં ખાલી પડેલ જગ્યાઓની ભરતી કરવા માટે મે. આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, આહવા-ડાંગ ના જા.નં. સક/ આવિ/ છતલ/ N.O.C/૧૦૬૯/૨૦૨૪ મળેલ છે. જેથી લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કરવાની છે.જેમા નીચે જણાવેલ સ્થળે અને સમયે પોતાના સ્વખર્ચે તેમના અસલ પ્રમાણપત્રો તથા તેમની પ્રમાણીત નકલ સાથે હાજર રહેવુ.

અ.નં	છાત્રાલયનુ નામ	જગ્યાનુ નામ	સંખ્યા	લાયકાત	જાતી
૧	વનવિહાર કન્યા છાત્રાલય સાકળપાતળ	મદદનીશ ગૃહમાતા	૧	ગ્રેજ્યુએટ	S.T
૨	સરદાર મા.કુમાર છાત્રાલય ધાંગડી	મદદનીશ ગૃહપતિ	૧	ગ્રેજ્યુએટ	S.T
૩	વૃંદાવન મા.કુમાર છા. પીંપરી	મદદનીશ રસોયા	૧	૪ પાસ	S.T
૪	આદિવાસી કુમાર છા.મહાલપાડા	ચોકીદાર	૧	૪ પાસ	S.T

નોંધ: ઇન્ટરવ્યુ સ્થળ :- ડાંગ યુવક સેવા સમિતી " શ્રમદિપ " વેરીયસ કોલોની આહવા- જી.ડાંગ

સમય :- ૧૧:૦૦ **ઇન્ટરવ્યુ તારીખ :-** ૧૮/૧૨/૨૦૨૪

શ્રી મંગળભાઈ જી.ગાવિત (પ્રમુખ ડાંગ યુવક સેવા સમિતી)
આહવા - ડાંગ " શ્રમદિપ" વેરીયસ કોલોની

ઓપન ઇન્ટરવ્યુ

અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દોડીપાડા તા.વઘઇ જી.ડાંગ સંચાલીત નિચે મુજબના છાત્રાલયમાં ખાલી પડેલ જગ્યા ની ભરતી કરવા માટે મે. આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, આહવા-ડાંગ ના જા.નં. સક/ આવિ/ છતલ/N.O.C/૧૦૭૦/૨૦૨૪ મળેલ છે. જેથી લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કરવા માટે નીચે જણાવેલ સ્થળે અને સમયે પોતાના સ્વખર્ચે તેમના અસલ પ્રમાણપત્રો તથા તેમની પ્રમાણીત નકલ સાથે હાજર રહેવુ.

અ.નં	છાત્રાલયનુ નામ	જગ્યાનુ નામ	સંખ્યા	લાયકાત	જાતી
૧	શારદા મા. કન્યા છાત્રાલય દોડીપાડા	મુ.રસોયા	૧	૪ પાસ	S.T

નોંધ: ઇન્ટરવ્યુ સ્થળ :- ડાંગ યુવક સેવા સમિતી " શ્રમદિપ " વેરીયસ કોલોની આહવા- જી.ડાંગ

સમય :- ૧૧:૦૦ **ઇન્ટરવ્યુ તારીખ :-** ૧૮/૧૨/૨૦૨૪

શ્રી શિવરામભાઈ.બી.ભૈસાડ (પ્રમુખ અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ)
દોડીપાડા જી.ડાંગ

ખોટી નોટિસ અંગેનો ખુલાસો

"૭ સ્ટાર એમ્પાયર" ના "અયોધ્યા ટેક્ષટાઈલ મોલ" ના ગ્રાહકોને જોગ

આથી હમો નીચે સહી કરનાર કિશોરભાઈ બાબુભાઈ ખેની, રહેવાસી : ૯, સી/ડી, નિધીવન કોમ્પલેક્ષ, બ્રીજવાળી એસ્ટેટ, પાર્લે પોઈન્ટ, સુરતનાઓ આથી સુરતની જાહેર જનતાને નોટીસ થકી જાહેર કરી જણાવવાનું કે,

"ગામ મોજે : પુણાના બ્લોક નંબર : ૭૪૬ ટી.પી. સ્કીમ નંબર : ૧૭ (પુણા) માં સમાવેશ થતા ફાયનલ પ્લોટ નંબર : ૯૯ તથા ૧૦૦ ખાતે આવેલ "૭ સ્ટાર એમ્પાયર લીમીટેડ" દ્વારા નિર્મિત રહેલ પ્રોજેક્ટ "અયોધ્યા ટેક્ષટાઈલ મોલ" તરીકે ઓળખાતા પ્રોજેક્ટ અંગે મારા એટલે કે કિશોરભાઈ બાબુભાઈ ખેની વતી અમારા હિતશત્રુ તેમજ પ્રતિસ્પર્ધી દ્વારા તારીખ ૦૮/૧૨/૨૦૨૪ ના રોજ ગુજરાત મિત્રમાં જે ડો. શૈલેષ આર. પટેલ - એડવોકેટ દ્વારા નોટિસ આપવામાં આવેલ હતી તે તદ્દન ખોટી છે તેમજ લોકોને ગેરમાર્ગે દોરે તેવી છે તેના ખુલાસા નીચે મુજબ છે.

ડિસ્ટ્રીક્ટ સુરત સબડિસ્ટ્રીક્ટ પુણા શહેર સુરત ના મોજે ગામ : પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૬૧૯/૨, બ્લોક નંબર : ૭૪૬ થી ૮૪૯૮-૦૦ ચોરસ મીટર ક્ષેત્રફળ બીનખેતીની જમીન કે જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧૭ (પુણા)માં સમાવેશ થતા ફાયનલ પ્લોટ નંબર : ૯૯ તથા ૧૦૦ થી કુલ્લે ક્ષેત્રફળ ૫૯૪૯-૦૦ ચોરસ મીટર ફાળવેલ બીનખેતીની જમીન હમો નીચે સહી કરનાર કિશોરભાઈ બાબુભાઈ ખેની ની સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાથી મારી કનેથી "૭ સ્ટાર એમ્પાયર લીમીટેડ" ના ડિરેક્ટરો દ્વારા ખરીદવામાં આવેલ છે તે જમીનનો પૂરે પૂરો અવેજ અમોને મળી ગયો છે. હું સ્પષ્ટ પણે જાણ કરવા માંગુ છું કે આ જમીનના સંપૂર્ણ હક્કો "૭ સ્ટાર એમ્પાયર લિમિટેડ" ના જ છે, તેમજ આ જમીન ઉપર બાંધવામાં આવેલ પ્રોજેક્ટ "સ્ટાર અયોધ્યા ટેક્સટાઇલ મોલ" પણ "૭ સ્ટાર એમ્પાયર લિમિટેડ" ની માલિકીનો છે તેમજ આ તારીખ ૮/૧૨/૨૦૨૪ નોટિસમાં મારા નામથી જે પણ બેન્ક લોન સંબધી તેમજ રેરા સંબંધી જે પણ માહિતી રજૂ કરેલ છે તે તદ્દન ખોટી રીતે ઉપજાવી નાખવામાં આવેલ છે.

આ જમીનનો દસ્તાવેજ તારીખ ૧૭/૧૦/૨૦૧૮ ના રોજ સબ રજીસ્ટ્રાર સુરત - ૩. નવાગામ ખાતે નોંધાયેલ હતો. તારીખ ૧૭/૧૦/૨૦૧૮ પહેલા સરકારી કે અર્ધ સરકારી સંસ્થામાં જે કાયદેસરની પરવાનગી જરૂર પડે તે મારા થકી જ લેવામાં આવેલ છે જેની અંદર કોઈ પણ પ્રકારની ગેરરીતિ થયેલ નથી તેની હું ખાત્રી પૂરી પાડુ છું તેમજ લોકો ને જાણ કરવા માંગુ છું કે આવી ખોટી જાહેરાતથી કોઈએ ભરમાવું નહીં તેમજ ગેરમાર્ગે દોરાવવુ નહીં. હું. કિશોરભાઇ બાબુભાઇ ખેની તેમજ "૭ સ્ટાર એમ્પાયર લિમિટેડ" બંને સંયુક્ત રીતે આ બાબતે કાયદેસરના પગલાં ભરવા જઈ રહ્યા છે.

તારીખ ૦૮/૧૨/૨૦૨૪ ના રોજ અમારા વતી જે ગુજરાત મિત્રમાં જે નોટિસ આપવામાં આવેલ છે તેનો ઉદ્દેશ મલીન કક્ષાનો છે જે "૭ સ્ટાર એમ્પાયર લિમિટેડ" અને અમારા આંતરિક સબંધોમાં કલેશ ઊભો કરવાનો છે.




લિ.
કિશોરભાઈ બાબુભાઈ ખેની
રહેવાસી : ૯, સી/ડી, નિધીવન કોમ્પલેક્ષ, બ્રીજવાળી એસ્ટેટ, પાલે પોઈન્ટ, સુરત